# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. ભારત અને ઇન્ડોનેશિયાના વિદેશમંત્રીઓની સહ અધ્યક્ષતામાં ભારત-ઇન્ડોનેશિયા સંયુક્ત આયોગ બેઠકનો પ્રારંભ.
2. ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં ૨૯ રૂપિયાનો વધારો - દરમિયાન સરકારે કહ્યું, ભારતમાં રાંધણ ગેસ વૈશ્વિક સ્તરે સૌથી ઓછી કિંમતે ઉપલબ્ધ.
3. CBIએ IDFC ફર્સ્ટ બેંક અને AU ફાઇનાન્સ છેતરપિંડી કેસો સંદર્ભે અલગ અલગ ક્ષેત્રોના છ પરિસરમાં દરોડા પાડ્યા.
4. ઉલાનબાતર ઓપન 2026 કુસ્તી ટુર્નામેન્ટમાં ગઈકાલે ભારતે બે સુવર્ણ સહિત વધુ છ ચંદ્રકો જીત્યા.
5. ક્રિકેટમાં, અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચના બીજા દિવસે ભારતનો સન્માનજનક સ્કોર

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# INDIA-INDONESIA-MEETING

ઇન્ડોનેશિયાના વિદેશમંત્રી સુગિઓનો ભારત આવી પહોંચ્યા છે. શ્રી સુગિઓનો નવી દિલ્હીમાં વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે 8મી ભારત-ઇન્ડોનેશિયા સંયુક્ત આયોગ બેઠકની સહ-અધ્યક્ષતા કરી રહ્યા છે. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, બેઠક દરમિયાન, બંને મંત્રીઓ ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે મજબૂત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા કરશે અને દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરશે.

બેઠકના પ્રારંભમાં વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. તેઓ બંને દેશો વચ્ચે રાજકીય, સંરક્ષણ, સુરક્ષા, દરિયાઈ, વેપાર અને રોકાણ, આરોગ્ય, ફાર્માસ્યુટિકલ્સ, ખાદ્ય સુરક્ષા અને પર્યટન, શિક્ષણ અને સાંસ્કૃતિક સહયોગના તમામ પાસાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવા આતુર છે.

# GOVT-LPG

ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં ફરીથી ૨૯ રૂપિયાનો વધારો કરાયો છે. 913 રૂપિયામાં મળતાં સિલિન્ડરનો ભાવ હવે વધીને 942 થયો છે. છેલ્લા ત્રણ મહિનામાં આ બીજો ભાવ વધારો છે.

દરમિયાન સરકારે આજે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સ્તરે LPGના ભાવમાં તીવ્ર વધારો થયો હોવા છતાં, ભારતીય ઘરોને વૈશ્વિક સ્તરે સૌથી ઓછા ભાવે રાંધણ ગેસ મળી રહ્યો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, ભારતીય સિલિન્ડર કોઈપણ પડોશી દેશ કરતાં સસ્તા છે અને અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા વિકસિત અર્થતંત્રો કરતાં નોંધપાત્ર રીતે ઓછા છે.

પશ્ચિમ એશિયા કટોકટી દરમિયાન ઉર્જા સુરક્ષા પગલાં પર પ્રકાશ પાડતા સરકારે કહ્યું કે, ભારત એવા કેટલાક દેશોમાંનો એક છે જેણે દરિયાઈ પરિવહનમાં વિક્ષેપો છતાં હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ઉર્જા કાર્ગોની અવર-જવર જાળવી રાખવામાં સફળતા મેળવી છે. દેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની કોઈ અછત નથી અને LPG બોટલિંગ અને વિતરણ પ્રવૃત્તિઓ સામાન્ય રીતે ચાલુ છે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું કે, વિક્ષેપના સમયગાળા દરમિયાન સ્થાનિક LPG ઉત્પાદનમાં 60 ટકાથી વધુનો વધારો થયો છે, જ્યારે અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અન્ય દેશોમાંથી પણ પુરવઠો મેળવવામાં આવ્યો છે.

# RS-TDP-CANDIDATES

તેલુગુ દેશમ પાર્ટી (TDP) એ 18 જૂને યોજાનારી રાજ્યસભાની ચૂંટણી માટે તેના ત્રણ ઉમેદવારોની જાહેરાત કરી છે. TDP ના રાષ્ટ્રીય અધ્યક્ષ એન. ચંદ્રબાબુ નાયડુએ ઉમેદવારોની યાદી જાહેર કરી.

પાર્ટીએ ઉદ્યોગપતિ સના સતીશ, શિક્ષણવિદ ભાશ્યમ રામકૃષ્ણ અને TDP સોશિયલ મીડિયા વિંગના વડા ચિંતાકાયલા વિજયને ઉમેદવાર જાહેર કર્યા છે.

# CBI-BANK-FRAUD

CBIએ, આઈડીએફસી ફર્સ્ટ બેંક અને એયુ ફાઇનાન્સ છેતરપિંડી કેસના સંદર્ભે ગઇકાલે ચંદીગઢ, પંચકુલા અને દિલ્હી-એનસીઆર પ્રદેશમાં છ પરિસરમાં દરોડા પાડ્યા હતા.

આ કેસ હરિયાણા સરકારના આઠ વિભાગો અને ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ચંદીગઢ રિન્યુએબલ એનર્જી, સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રમોશન સોસાયટી (CREST) ના બે વિભાગોમાં ૬૬૧ કરોડના જાહેર ભંડોળના ઉચાપત અને ગેરરીતિ સાથે સંબંધિત છે.

CBIએ એક નિવેદનમાં જણાવ્યું કે, પરિસરમાં અનિયમિતતાઓ અને ગુનાની આવક પ્રાપ્ત કરવા સંદર્ભે હરિયાણા કેડરના વરિષ્ઠ જાહેર કર્મચારીઓ અને એક ખાનગી કન્સલ્ટન્સી ફર્મ અને તેના ડિરેક્ટરના રહેણાંક પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસમાં પુરાવા મળી આવ્યા છે, જે સૂચવે છે કે જાહેર કર્મચારીઓએ બેંક અધિકારીઓ સાથે સાંઠગાંઠ કરી હતી અને ખાતા ખોલવામાં, ભંડોળ ટ્રાન્સફર કરવામાં અને ત્યારબાદ ઉચાપત કરવામાં મદદ કરી હતી.

# WORLD FOOD SAFETY DAY

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે પી નડ્ડાએ સ્વસ્થ ભવિષ્ય માટે સલામત અને સ્વચ્છ ખોરાક પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

આજે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ નિમિત્તે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે નાગરિકોને સ્વસ્થ ખાવાની આદતો અપનાવવા અને સ્વસ્થ અને આત્મનિર્ભર ભારત બનાવવા માટે યોગદાન આપવા વિનંતી કરી.

શ્રી નડ્ડાએ પ્રધાનમંત્રી મોદીના ખાદ્ય તેલના વપરાશમાં 10 ટકા ઘટાડો અને સારા સ્વાસ્થ્ય અને મજબૂત રાષ્ટ્ર માટે સંતુલિત આહાર અપનાવવાના સંદેશનો પણ પુનરોચ્ચાર કર્યો.

# MANDAVIYA-CYCLING

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે સવારે નવી દિલ્હીમાં ફિટ ઇન્ડિયા સન્ડે ઓન સાયકલ પહેલના 77મા સંસ્કરણમાં ભાગ લીધો. આ પ્રસંગે શ્રી માંડવિયાએ નાગરિકોને આ પહેલમાં જોડાવા અને 'ફિટ ઇન્ડિયા'ના સ્વપ્નને સાકાર કરવા અપીલ  કરી.

(BYTE: MANSUKH MANDAVIA)

# CBSE-REEVALUATION-CLASS-12

ધોરણ-૧૨ની પરીક્ષાના પરિણામો જાહેર થયા પછી ઉત્તરવહીઓના પુનઃમૂલ્યાંકન અને ચકાસણી માટે ઓનલાઈન અરજીઓ સબમિટ કરવાની આજે છેલ્લી તારીખ છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવાયું કે, પોર્ટલ મધ્યરાત્રિ સુધી ખુલ્લું રહેશે. બોર્ડે વિદ્યાર્થીઓને અંતિમ તારીખ પહેલાં તેમની અરજીઓ સબમિટ કરવા વિનંતી કરી છે.

# IATA - INDIA AVIATION GROWTH

આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન સંઘે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ઉડ્ડયનના વિકાસમાં ભારતની ભૂમિકાને મહત્વપૂર્ણ ગણાવી છે. 2044 સુધીમાં આ ક્ષેત્રમાં હવાઈ મુસાફરોની સંખ્યા 4.1 અબજ સુધી પહોંચવાનો અંદાજ છે.

સાંભળીએ એક અહેવાલ......

(VC- PAYAL)

# US-IRAN-CONFLICT

અમેરિકન સૈન્યએ હોર્મુઝ સ્ટ્રેટમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ ટ્રાફિક માટે ખતરો ઉભો કરતા બે ઈરાની ડ્રોનને અટકાવીને નાશ કર્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે પશ્ચિમ એશિયામાં તૈનાત યુએસ દળો દ્વારા આ કાર્યવાહીની પુષ્ટિ કરી છે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

**(VC- MUKESH )**

# ULAANBAATAR OPEN WRESTLING

ઉલાનબાતર ઓપન 2026 કુસ્તી ટુર્નામેન્ટમાં ગઈકાલે સાગર જગલાન અને કિશોર કાજલ ધોચકે પોતપોતાના વજન વર્ગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા છે. આ સાથે ભારતે મંગોલિયામાં ચાલી રહેલી આ સ્પર્ધાના ત્રીજા દિવસે વધુ છ ચદ્રકો જીત્યા છે.

સાગર જગલાને ફ્રી સ્ટાઇલ 74 કિલોગ્રામ ફાઇનલમાં તામીર એશિનમાવને 3-2થી હરાવ્યો હતો. જયદીપે, મુનખબતને 15-4થી હરાવીને કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

મહિલા કુસ્તીમાં, કાજલે, અંડર-23, 76 કિલોગ્રામ વર્ગમાં નાઇજીરીયાની દામોલા ઓજોને 8-0થી હરાવીને સુવર્ણ ચંદ્રક જીત્યો. પ્રિયા મલિક, હંસિકા લાંબા અને માનસી અહલાવતે વિવિધ વજન વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યા.

# INDIA-AFGHANISTAN-TEST-CRICKET

પુરુષોના ક્રિકેટમાં, અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચના બીજા દિવસે ડ્રિંક્સ બ્રેક સુધી ભારતે 8 વિકેટે 544 રન બનાવ્યા છે.

ભારતે દિવસની શરૂઆત 3 વિકેટે 368 રનથી કરી હતી. શુભમન ગિલને મોહમ્મદ સલીમે 126 રને આઉટ કર્યા હતા. ઋષભ પંત 81 અને કે.એલ.રાહુલ 100 રન બનાવીને આઉટ થયા હતા.